આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧ | ૨ એપ્રિલ, ૨૦૧૪, બુધવાર; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પહેલા સમાજ લોટ જેવો હતો, પાણી નાખતાં જ ભેગો થઇ જતો, આજે રેતી જેવો છે, લોકો પૈસા પાછળ પડ્યા છે

- સરદાર પટેલ

# આજથી ચૂંટણીનો ધમધમાટ

## જિલ્લાની રાજકીય ગતિવિધિઓ પર તંત્રની ૪૦ ટીમો બાજ નજર રાખશે : આજથી પાંચ સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત થશે : સેલ્ફ હેલ્પ ગૃપોના બેંકખાતાઓ પર નજર રાખવા તાકીદ

ગાંધીનગર, તા. ૧

આજથી આરંભાઈ રહેલ ચૂંટણી પ્રક્રિયાને પગલે જિલ્લામાં બનતી રાજકીય ઘટનાઓ અને અન્ય ગતિવિધિઓ પર જિલ્લાતંત્રની ૪૦થી વધુ ટીમો બાજ નજર રાખશે.

આજે ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ પાંચ સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત થશે. આ ઉપરાંત હાલ ૧૫ ફલાઈંગ સ્કવોર્ડની ટીમો કાર્યરત છે. આ ટીમો ઉપરાંત ૧૫ જેટલી વીડીયો સર્વેલન્સ ટીમો પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચની સૂચના અનુસાર જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ સ્ટેટીક સર્વેલન્સની કામગીરી શરૂ કરાશે. આ માટે જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારમાં હાલ ૧-૧ પોઈંટ કાર્યરત કરવામાં આવશે.

આ પછી જેમ જેમ ચૂંટણી નજીક આવશે તેમ આ પોઈંટમાં વધારો કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ચૂંટણીપંચે ખર્ચ નિયંત્રણ પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાથી તંત્રે પણ તે દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

પંચની સૂચનાઓ બાદ બેંકોને શંકાસ્પદ ઉપાડને લઈ તુરત જ જાણ કરવા માટે કરાયેલી તાકીદ બાદ હવે સેલ્ફ હેલ્પ ગૃપોમાં પણ ડિપોઝીટ્સ અને વિડ્રોલ શંકાસ્પદ જણાય તો તે અંગે તાકીદે જાણ કરવાની બેંકોએ રહેશે.

પંચ દ્વારા આ વખતે ખર્ચની મર્યાદા રૂ. ૭૦ લાખ કરવાની સાથે સાથે કેટલાક નિયંત્રણોના અમલ માટે પણ કડક વલણ અખત્યાર કરવાનું મન બનાવી લીધુ છે.

જિલ્લામાં વિડીયો સર્વેલન્સ અને ફલાઈંગ સ્કવોડની કામગીરી પણ આગામી દિવસોમાં સઘન બનાવવામાં આવશે. બીજી તરફ પંચે આઉટ પોસ્ટ પોલીસ ચોકીઓ પણ સ્ટેટીક સર્વેલન્સની ટીમ તરીકે જ કાર્ય કરશે તેવી સૂચનાઓ આપી હોવાથી હવે ગેરકાયદે હેરાફેરી અઘરી બનશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ચૂંટણી અંગે તંત્ર સંપૂર્ણ સજ્જ થઈ ચુક્યુ છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ચૂંટણી અધિકારી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીઓ દર્શાવતા સાઈન બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત મતદાર જાગૃતિ માટે શહેરમાં મહત્વના વિવિધ સ્થળોએ હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્ટેટીક સર્વેલન્સ અને વિડીયો સર્વેલન્સ આગામી દિવસોમાં વધુ સઘન બનશે.

### ખર્ચ માટે નિમાયેલા નિરીક્ષકો આવી પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે ખર્ચ નિયંત્રણ નિરીક્ષક તરીકે નિમાયેલા બન્ને અધિકારીઓ આજે ગાંધીનગર આવી પહોંચ્યા છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે શ્રી પવનકુમાર ખેતાન અને શ્રી પ્રવિણકુમાર એમ બે ખર્ચ નિરીક્ષકોની નિયુક્તી કરવામાં આવી છે. આજે જાહેરનામાની પ્રસિદ્ધિ થયા બાદ આ અધિકારીઓ દ્વારા તેમની એકાઉન્ટીંગ ટીમોની બેઠક યોજી ખર્ચ નિયંત્રણ સહિતની કામગીરી હાથ ધરશે.

ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા જનરલ ઓબ્ઝર્વર પણ એકાદ-બે દિવસમાં ગાંધીનગર આવી પહોંચશે તેમ જાણવા મળેલ છે. જ્યારે પોલીસ નિરીક્ષક પણ સપ્તાહના અંતે આવશે તેમ જાણવા મળેલ છે.

આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો છે.



હમારા પરિવાર, સ્ટાર પરિવાર - દેશમાં ભલે રાજકીય ધમાસાણ ચાલતું હોય... સત્તાની લડાઈ ચરમસીમાએ પહોંચી છે... આરોપો અને પ્રત્યારોપો ધમધમાવીને થતા રહ્યા છે... ગરીબીના નામ પર બધા જ રાજકીય રોટલાઓ શેકાતા હોય... સત્તા 'અ'ની આવશે કે 'બ'ની આવશે અથવા જેની આવશે એની પણ આ પરિવાર જ્યાં નો ત્યાં જ રહેવાનો છે.... ભાષણો ભલે પરિવારો માટે થતાં હોય, મત ભલે એમના માટે મંગાતા હોય પણ આ પરિવારોની ચિંતા કોઈનેય નથી.... આ તો માત્ર તસવીરી ઝલક છે... આવા હજ્જારો પરિવાર ભગવાન ભરોસે જીવે છે... ગરીબીની એક મસ્તી છે.... અંદરની શાંતિ છે... અને એકબીજાની હૂંફ છે... દુનિયાની કોઈ તાકાત એમને ડીસ્ટર્બ કરી શકે એમ નથી... નેતાઓ ભલે ગરીબી હટાવવાની વાતો કરતા હોય પરંતુ આ પરિવાર તો એકબીજાના સહારે જીવી જાણે છે... સાથો સાથ તેમના પરિવારના એક સભ્ય એવા શ્વાનનું પણ ભરણપોષણ કરે છે.... આ પરિવારની ભાવનામાંથી નેતાઓ કંઈક શીખ લે અને આવતીકાલના રાજકારણને ઉજ્જ્વળ બનાવે.... *(તસવીર : કશ્યપ નિમાવત)*

## NEWS બિટ્સ

**મુરલી મનોહર જોષી સામે કાનપુરમાં વિરોધ**

વારાણસીથી નરેન્દ્ર મોદીને



લડાવવા માટે ખસેડવામાં આવેલા ભાજપના દિગ્ગજ નેતા મુરલી મનોહર જોષીને કાનપુરની ટીકીટ આપવામાં આવી છે. જો કે કાનપુરના સ્થાનિક કાર્યકરોએ મુરલી મનોહર જોષી સામે વિરોધ નોંધાવ્યો છે.બહારના ઉમેદવારને ટીકીટ આપવાના મામલે સ્થાનિક કાર્યકરોએ આ વિરોધ નોંધાવ્યો છે.

**ધોની ઈન્કમટેક્સના રડારમાં**

સ્પોટ ફીકસીંગમાં નામ



ઉછળ્યાના પડઘા માંડ શાંત પડયા છે ત્યાં ભારતીય ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સામે આવકવેરા તપાસ શરૂ થવાના એંધાણ છે. આમ્રપાલી ગ્રુપના ચેરમેન અનિલ શર્માએ ધોનીને ૭૫ કરોડના ચેક આપ્યા છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

**જાવેદ જાફરી લખનૌથી 'આપ'ના ઉમેદવાર**

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ ઉત્તરપ્રદેશની



પ્રતિષ્ઠિત બેઠક લખનૌથી ચુંટણી જંગમાં ઉતરી રહ્યા છે તેમની સામે કોંગ્રેસે પ્રદેશ પ્રમુખ રીટા બહુગુણાને ટીકીટ આપી છે તો આમ આદમી પાર્ટીએ બોલીવુડના લોકપ્રિય કલાકાર જાવેદ જાફરીને ટીકીટ આપી છે લખનૌમાં આ ત્રિ પાંખીયો જંગ રસપ્રદ બની રહ્યો છે.

**સપા સોનિયા-રાહુલ સામે ઉમેદવાર નહીં ઉતારે**

સમગ્ર ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ સામે મજબુત ઉમેદવાર ઉતારનાર




સમાજવાદી પાર્ટી અમેઠી અને રાયબરેલીમાં પોતાના ઉમેદવાર નહીં ઉભા રાખે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે જણાવ્યું છે કે તેમનો પક્ષ અમેઠીમાં રાહુલ ગાંધી સામે અને રાયબરેલીમાં સોનિયા ગાંધી સામે દર વતની જેમ કોઈ ઉમેદવાર નહીં ઉભા રાખે.

**બહુ ચર્ચિત 'મોદી, મુસ્લિમ એન્ડ મિડીયા' પુસ્તકનું જાહેર વાંચન**

મધુ કિસ્વર લિખિત બહુચર્ચિત પુસ્તક 'મોદી, મુસ્લિમ્સ એન્ડ મિડીયા'ના જાહેર વાંચનનો કાર્યક્રમ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે ૩જી એપ્રિલે બપોરે ૨.૩૦ વાગ્યાથી યોજવામાં આવ્યો છે. જામીયા મિલીયા ઈસ્લામિયા યુનિ.ના સ્કોલર મહમ્મદ સગીર નઝમ આ પુસ્તકનું વાંચન કરશે. જાણીતા ઉદ્યોગપતિ અને મોદીની નજીકના ગણાતા ઝફર સરેશવાલા આ અવસરે ખાસ ઉપસ્થિત રહેશે.

# ચિલોડા પાસે સો-મીલમાં ભીષણ આગ



એક કિલોમીટર સુધી આગની જ્વાળાઓ દેખાતા ગ્રામજનો ફફડી ઉઠ્યા





(તસવીર : વિપુલ ચૌહાણ,નટુભાઈ પટેલ, ચિલોડા)

## લાખો રૂપિયાનો લાકડાનો જથ્થો ખાખ : ત્રણ કલાકની જહેમતે એક લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લેવાઈ : પરોઢીયે બનેલી ઘટનામાં પાંચ ફાયર ફાયટર, ૧૦ ટેન્કર ખડકી દેવાયા હતા : પેટ્રોલપંપ અને એક કોમ્પલેક્ષને આગની લપેટમાં આવતા બચાવી લેવાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના ચિલોડા સર્કલ પાસે આવેલી લાકડાની એક સૉ-મીલમાં પરોઢીયે કોઈ કારણોસર ભીષણ આગ લાગતા હાહાકાર મચી જવા પામ્યો હતો. આગની જ્વાળાઓ એક કિલોમીટર સુધી દેખાતા ગ્રામજનો પણ ફફડી ઉઠ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે ૧ લાખ લીટર પાણીનો મારો ચલાવીને બેકાબુ બનેલી આગને ત્રણ કલાકની જહેમત બાદ કાબુમાં લઈ લીધી હતી. સૉ-મીલની બાજુમાં સ્થિત પેટ્રોલપંપ અને એક કોમ્પલેક્ષને પણ આગની લપેટમાં આવતા ફાયરબ્રિગેડના જવાનોએ બચાવી લીધુ હતુ. આ આગ દુર્ઘટનામાં લાખોનું નુકશાન થવા પામ્યું હતું.

ચિલોડા સર્કલ પાસે આવેલી શ્રી બજરંગ વિજય સૉ-મીલ ડાહ્યાભાઈ મુળજીભાઈ પટેલની છે. સૉ-મીલમાં ત્રણ શેડમાં અને રૂમો લાકડાથી ભરેલા હતા. પરોઢીયે અચાનક જ સૉ-મીલ આગની લપેટમાં આવી જતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. ખુલ્લામાં આવેલી આ સૉ-મીલને અડીને જ એક પેટ્રોલપંપ અને કોમ્પલેક્ષ છે. ફુંકાયેલા પવનને લીધે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ અને એ હદે આગ બેકાબુ બની કે છેક એક કિલોમીટર દૂર પણ આગની જ્વાળાઓ દેખાતી હતી. પરોઢીયે ટોળા ભેગા થઈ ગયા હતા. ઘટનાસ્થળે પોલીસ કાફલો અને ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ દોડી આવી હતી. એક બાજુ પોલીસે અમદાવાદ તરફનો રસ્તો વન-વે કરી દીધો જેથી વાહનચાલક પણ આગનો ભોગ ન બને. તો બીજી તરફ ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે ચાર ફાયર ફાયટર સાથે પહોંચી ગયા હતા. અમદાવાદથી પણ એક ફાયર ફાયટર મંગાવી દેવામાં આવ્યુ હતુ. બેકાબુ બનેલી આગ પર ફાયરબ્રિગેડની ટીમે સતત ૧ લાખ લીટર પાણીનો મારો ચલાવીને આગને ત્રણ કલાકની જહેમતે શાંત પાડી હતી. બાજુમાં આવેલા પેટ્રોલપંપ અને એક કોમ્પલેક્ષ પણ આગની લપેટમાં આવી જાય તેવી શક્યતા હતી. પરંતુ ફાયરબ્રિગેડની સમય સુચકતાને પગલે મોટી હોનારત ટળી ગઈ હતી. આસપાસના લીમડાના ઝાડ પણ બળીને ખાખ થઈ ગયા હતા. સૉ મીલમાં પડેલો ઈમારતી, જલાઉ અને દેશી લાકડાનો લાખોની કિંમતનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. જ્યારે લાખોનો સામાન બચી પણ જવા પામ્યો છે. સદ્ભાગે પરોઢીયે બનેલી આગ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે કોઈને ઈજા થવા પામી ન હતી.

# પરેશ રાવલ સામે દહેગામમાં આચારસંહિતા ભંગની ફરિયાદ

## પરેશ રાવલ સામે જ આચારસંહિતા ભંગની ૩જી ફરિયાદ : બે ફરિયાદ ધારાસભ્ય કામિનીબા રાઠોડે નોંધાવી છે : જિલ્લામાં આચારસંહિતા ભંગની ૧૫ ફરિયાદો થઈ છે

ગાંધીનગર, તા.૧

અમદાવાદ પૂર્વના ભાજપના ઘોષિત ઉમેદવાર પદ્મશ્રી પરેશ રાવલ સામે આજે કોંગ્રેસના ધારાસભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાવી છે.



શ્રીમતિ કામિનીબા રાઠોડ એ કોંગ્રેસના સભ્ય છે. તેમણે શ્રી રાવલ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ પ્રચાર અભિયાનની સાથે સાથે તેમની ફિલ્મોનું પ્રમોશન કરી મતદારોને લોભાવી રહ્યા છે.

શ્રી રાવલ ફિલ્મ અભિનેતા છે. તેમની સામે કોંગ્રેસ પક્ષે આ ત્રીજી ફરિયાદ ફિલ્મોને લઈ કરી છે. અગાઉ પ્રદેશ સમિતિએ તેમની ફિલ્મો ચેનલો પર દર્શાવવામાં આવે છે તેના પર પ્રતિબંધ મુકવાની માંગ કરી હતી.

આ અગાઉ કામિની બા રાઠોડે જ દહેગામમાં કાર્યકરોના યોજાયેલા ભોજન સમારોહને લઈ શ્રી રાવલ સામે આચાર સંહિતા ભંગની ફરિયાદ કરી હતી. આજે કોંગ્રેસના દહેગામના ધારાસભ્ય કામિની બા રાઠોડે ફિલ્મનું પ્રમોશન કરતા હોવાની ફરિયાદ કરી છે. તેમણે તેમની આ ફરિયાદ જિલ્લા કલેકટરશ્રી ડૉ.સ્વરૂપને કરી છે. આ અંગે દહેગામના મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી આ બાબતે અહેવાલ માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આચાર સંહિતા ભંગની કુલ ૧૫ ફરિયાદો થવા પામી છે.

જિલ્લામાં આચાર સંહિતા ભંગની મળેલી ફરિયાદોમાં વહીવટીય પ્રકારની ફરિયાદો વધુ હોવાનું ધ્યાને આવ્યું છે. વાહનોના થતા દુરુપયોગની ફરિયાદ પણ તંત્રને મળી હોવાનું જાણવા મળેલ છે.

આચારસંહિતાના અમલ માટે હવે તંત્રએ વધુ કરડી નજર રાખવાનું મન બનાવી લીધું છે.

# હેલિકોપ્ટરને રોકાતા નરેન્દ્ર મોદી લાલઘૂમ

ગાંધીનગર-બરેલી, તા.૦૧

ભાજપના નેતા નરેન્દ્ર મોદીએ ચૂંટણી પંચ સમક્ષ માંગ કરી છે કે, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં તેમના હેલિકોપ્ટરને રોકવાના મામલામાં તપાસ કરવામાં આવે. મોદીએ તેમની ખાનગી ફ્લાઇટને રોકવાના કાવતરા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, બે વખત તેમના હેલિકોપ્ટરને રોકવામાં આવ્યા છે. મધ્યપ્રદેશમાં પોતાની રેલીમાં મોડેથી પહોંચવા બદલ મોદીએ લોકોની માફી માંગી હતી અને કહ્યું હતું કે, આ ગરમીમાં આપના ઇંતજારને વ્યર્થ જવા દેવાશે નહીં. આજે નરેન્દ્ર મોદીના હેલિકોપ્ટરને પહેલા દિલ્હીમાં અને ત્યારબાદ બરેલીમાં ઉડાણ ભરવામાં વિલંબ થયો હતો. જો કે, ઉડ્ડયન મંત્રાલય દ્વારા આના માટે હેલિકોપ્ટર કંપનીને જવાબદાર ઠેરવી છે. અમદાવાદની કંપની કર્ણાવતી એવિએશનના કારણે વિલંબ થયો છે. આ લોકોએ ફ્લાઇટ યોજના ૧૦ મિનિટ પહેલા આપી હતી.

આપના વ્યવસાયને આપો ROYALE TOUCHE



ROYALE TOUCHE

જયરાજ માર્કેટીંગ

URGENT REQUIRE

Candidates For

MEDICAL COMPENSATION

USA Process

Call - 9913826165

(Solution BPO Services, Ahmedabad - Gandhinagar)